ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૩ ટકા

# કોરોના કિલક...!! નો રોલ, નો કેમેરા, નો એકશન

ગાંધીનગર, તા.૧૬

નગરમાં હાલ નાના મોટા વેપાર કરનારથી લઈ મોટા વેપારીને પણ લોકડાઉનના લીધે થયેલી આર્થિક અસર ભોગવવી પડી રહી છે. ગાંધીનગર સરકારી નગર સાથે સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું હબ છે ત્યારે હાલ જાહેર કાર્યક્રમોમાં ભેગા થવા પર પ્રતિબંધ છે. સાથે લગ્ન જેવા શુભપ્રસંગો પણ હાલ ૫૦ જેટલા સગાસંબંધીઓ સાથે પૂર્ણ કરવા તેવું સરકાર દ્વારા જણાવાયું છે ત્યારે આ તમામ મુવમેન્ટનો કેપ્ચર કરનાર ફોટોગ્રાફર્સની હાલત હાલ કફોડી બની છે. વિવિધ સંસ્થા કે ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની કે મોટું નામ પામેલા પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ સાથે જોડાયેલા નગરના ૧૫૦ જેટલા ફોટોગ્રાફરની રોજીરોટી હાલ જોખમમાં છે. વળી, વર્ષોથી આ જ કાર્યક્ષેત્ર સાથે જોડાયેલ ફોટોગ્રાફર્સ હવે આ સિવાય બીજું કામ કરી શકે તેમ પણ નથી.

નગરના જાણીતા ફોટોગ્રાફર અને પાયલ કલર લેબના જીજ્ઞેશ જાની આ બાબતે વાત કરતા જણાવે છે કે, સરકારી અને સાંસ્કૃતિક કાર્યક્રમો જયાં વધુ યોજાય છે તે નગરમાં હાલ તમામ કાર્યક્રમો બંધ છે. લગ્ન જેવા શુભ પ્રસંગો પર હાલ પહેલા જેટલી છૂટછાટ નથી ત્યારે બીજા શહેરો કરતા નગરના ફોટોગ્રાફર્સને મોટું નુકશાન થયું છે. અમારી ટીમ જે હરહંમેશ અમારા સાથે ફોટો અને વિડીયોગ્રાફીના કાર્ય સાથે સંકળાયેલી છે અને અમને મળતા ઓર્ડર પર જ પોતાનું ગુજરાન ચલાવતા ફોટોગ્રાફર્સ અને વિડીયોગ્રાફર્સ હાલ કામ વગરના બેઠા છે. ઓછામાં પુરું પાછળના દિવસોમાં અમે પ્રાસંગિક ફોટોગ્રાફી કરી હોય તે ફોટો સિલેકટ કરવા પાર્ટીને બોલાવીએ તો તેઓ કોરોનાને



લીધે આવી નથી શકતા જેને લીધે અમારું આગળનું પેમેન્ટ અટકયું છે. સિઝન વાઈઝ ચાલતા અમારા આ ધંધામાં આમ તો સિઝનનું કામ જ ન થયું એટલે ધંધામાં ૧૦૦ ટકા ખોટ જ કહેવાય અને ભવિષ્યમાં પણ પ્રાસંગિક સિઝન આવશે કે નહિ તે હાલ મોટો પ્રશ્ન છે. એમાં પણ કદાચ બે જ વ્યકિતથી કામ કરવું પડશે કે વધુ તે બાબતે પણ અમે અંધારામાં છીએ.

નગરના ચંદ્ર ફોટો સ્ટુડિયો સાથે જોડાયેલ બિલ્લુ શર્માના જણાવ્યા અનુસાર અગાઉના ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના બુકીંગ્સ કેન્સલ થયા છે. નવું બુકીંગ હજુ આવ્યું જ નથી. પાર્ટી કહે છે કે અમે દસ-બાર મહિના પછી વિચારશું. મોટા ભાગના લગ્ન કેન્સલ થયા છે અમને આમાં હાલ સુધી તો ૬૦ ટકા નુકશાન છે.

નગરના યુવાન ફોટોગ્રાફર જે વેડીંગ અને પ્રી વેડીંગ ફોટોગ્રાફી સાથે જોડાયેલા છે અને તેમની ટીમ ફોટો અને વિડીયોગ્રાફીનું કામ એક સાથે મળીને કરે છે તે યુવાન ક્ષિતિજ હેડમ્બા જણાવે છે કે ફેબ્રુઆરીમાં લગ્ન પ્રસંગો હતા પણ ત્યારબાદ લોકડાઉનને કારણે સિઝન કેન્સલ થઈ અને આગળના પ્રસંગ માટે લીધેલા એડવાન્સ પેમેન્ટને પાછું આપવું પડયું. કલાયન્ટના આગળના પ્લાન વિશે હજી કાંઈ ખબર નથી. લોકડાઉન દરમિયાન પેન્ડીંગ એડીટીંગનું કામ પણ પતી ગયું હવે એ સિવાય કોઈ જ કામ છે નહી અને આગળના દિવસો માટેની કોઈ નવી ઈન્કવાયરી શરૂ થઈ નથી. મારા સાથે જોડાયેલા સાથી મિત્રોની પણ મારા જેવી જ પરિસ્થિતિ છે. આમને આમ હજી સુધી અમને એક સિઝનમાં કામ ન મળ્યું જેને કારણે ૪૦ ટકા જેટલું નુકશાન થયું છે.

આમ, ફોટો અને વિડીયોગ્રાફી સાથે જોડાયેલ નગરના ૧૫૦થી વધુ ફોટો તેમજ વિડીયોગ્રાફર્સ માટે હાલ આવક સાવ બંધ જ છે તેમનું ઘર કઈ રીતે ચાલતું હશે તે એક પ્રશ્ન છે...!!

## ગ્રીન કિતાબ ફાઉન્ડેશન દ્વારા ૨૧મી જૂને યોગ તાલીમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત ગ્રીન કિતાબ ફાઉન્ડેશન જેના દ્વારા નિઃશુલ્ક યોગા, મેડીટેશન અને સ્પિરિચ્યુઅલ એસ્ટ્રો જેવી તાલીમ આપવામાં આવી રહી છે. આ સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૧ જુન યોગ દિવસ નિમિત્તે ત્રણ સેશનમાં સરકારની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી જાહેર યોગ તાલીમ કાર્યક્રમ યોજાશે. જે સંદર્ભે સવારે ૭.૩૦, ૮.૦૦ તથા ૮.૩૦ વાગ્યાના ત્રણ સેશનમાં દરેક સેશન દીઠ ૧૦ વ્યકિત દીઠ સોશિયલ ડીસ્ટન્સ, ફરજીયાત માસ્ક અને સેનેટાઈઝરના ઉપયોગ સાથે જાહેર યોગ તાલીમ યોજાશે. આ કાર્યક્રમમાં જોડાવા વહેલા તે પહેલા રજીસ્ટ્રેશન કરાવા મોદન બાબા ૭૬૨૧૯૪૦૧૨૧ greenkitabhelpline@gamil. com નો સંપર્ક કરવા જણાવાયું છે.

## સે-૩ અને સે-૪માં પર્યાવરણ પ્રેમીઓનું વૃક્ષારોપણ





ગાંધીનગર, તા.૧૬

શહેરમાં વર્ષાઋતુના આગમન સાથે જ પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિનો પણ પ્રારંભ થઈ ચુકયો છે. આજે શહેરમાં સેકટર-૩ અને સેકટર-૪ ખાતે વિવિધ નાગરિકો દ્વારા વૃક્ષારોપણ હાથ ધરાયું હતું.

સેકટર-૩ અને સેકટર-૪માં જાગૃત યુવાનો સહિતના પર્યાવરણ પ્રેમી નાગરિકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં લીમડો, બોરસલ્લી, સપ્તપર્ણી, નાગોડ જેવા વૃક્ષોના છોડ વાવવામાં આવ્યા હતા. આ કાર્ય માટે યુવાનોએ નર્સરીમાંથી રોપા લાવીને વાવ્યા હતા. તેમજ આગામી વરસાદી સીઝનમાં વધુ રોપાનું વાવેતર કરવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ કાર્યમાં ઝરણા રાવલ, કેતા દેસાઈ, કૃપાલી ગોસ્વામી, જૈમિન ગોસ્વામી, રુદ્રિક રાવલ, ક્રિષ્ણપાલ બિહોલા અને મોનાલી ગોસ્વામી જોડાયા હતા.

## લોકડાઉન બાદની આર્થિક મંદીમાં પણ 'ગાંધીનગરના ચાવાળા'ની ઈમાનદારી...!!

### સે-૧૬માં રસ્તા પરથી મળેલા રોકડા ૬૫૦૦ ચા વાળાએ તેના મૂળ માલિકને પરત કર્યા

ગાંધીનગર, તા.૧૬

કોણ કહે છે કળિયુગ આવ્યો? એક તરફ કોરોના મહામારીના કારણે સતત બે ત્રણ મહિના સુધી ચાલેલી લોકડાઉનની સ્થિતિમાં નાના મોટા તમામ વેપાર ધંધા વ્યવસાય બંધ રહ્યા હતા જેને કારણે ખાસ કરીને મધ્યમવર્ગ તથા રોજેરોજ મહેનત કરીને કમાણી કરી રોજે રોજનું ગુજરાન ચલાવતા શ્રમજીવીઓને ખૂબ જ મોટો આર્થિક ફટકો પડયો છે. જો કે આ સ્થિતિમં પણ આ શ્રમજીવીઓએ પોતાની પ્રમાણિકતા છોડી નથી તેનો મોટો પુરાવો આજે ગાંધીનગરના સેકટર-૧૬માં ચાની કિટલી ચલાવતા એક શ્રમિકે રસ્તા પરથી મળેલા રોકડા રૂ. ૬૫૦૦ તેના મૂળ માલિકને પરત કરીને પુરો પાડયો છે.

આજે સમગ્ર વિશ્વમાં એક 'ચા વાળા'ની ઈમાનદારી કસોટીના એરણે છે ત્યારે બીજી તરફ ગાંધીનગરમાં અન્ય એક ચા વાળાએ પોતાની પ્રમાણિકતા દાખવી છે. સેકટર-૧૬માં બેંક ઓફ ઈન્ડિયા પાછળ 'બાપા સીતારામ ટી સ્ટોલ' ચલાવતા સતીષભાઈ ઓડ જયારે બપોરના




સમયે ચાની ડિલીવરી આપવા જઈ રહ્યા હતા ત્યારે તેમની કિટલી નજીક રસ્તામાંથી તેમને રૂ. ૬૫૦૦ રોકડા મળી આવ્યા હતા. આ નાણાં તેમણે પોતાની પાસે રાખ્યા અને તેની કોઈને જાણ ના કરી જેથી તેનો મૂલ માલિક નાણાં શોધતો આવે તો તેને પરત કરી શકાય અને કોઈ લેભાગુ ખોટું બોલી નાણાં પડાવી ના જાય. થોડી વાર પછી તેમણે જોયું તો એક ગ્રામીણ વિસ્તારની વ્યકિત તેમની ચાની કિટલી આગળના રસ્તે બે ત્રણ વાર આંટા મારી કંઈક શોધતી હોય તેમ ફરતી હતી. આ પછી તે વ્યકિતએ સતીષભાઈ પાસે આવીને પુછયું કે 'ભાઈ અહીંથી કોઈને કોઈ પૈસા મળ્યા છે?' ત્યારે સતીષભાઈએ તેમને કેટલા નાણાં ખોવાયા અને કેવી રીતે ખોવાયા હતા તે વિગતો પુછી હતી. આ દરમિયાન તેમને જણાયું કે આ વ્યકિત સાચું બોલે છે અને તેમને મળેલાં નાણાંના મૂળ માલિક છે તેવો ભરોસો બેસી જતા મળેલાં નાણાં સતીષભાઈએ પરત કર્યા હતા.

ખોવાયેલા નાણાં પરત મળતાં જ પેલી વ્યકિત જે ચિલોડાના ગ્રામ્ય વિસ્તારનો ખેડૂત હતો અને તેણે વરસાદથી રક્ષણ માટે પોલિથિલીનની ખરીદી કરવા પોતાના સિન્ડીકેટ બેંકના ખાતામાંથી રૂ. ૭ હજાર ઉપાડયા હતા. આ પૈકી રૂ. ૫૦૦ તેણે વાપર્યા પછી બાકીના રૂ. ૬૫૦૦ ખિસ્સામાં મુકયા હતા જે બાપા સીતારામ ટી સ્ટોલ આગળ પડી ગયા હતા જે સદભાગ્યે સતીષભાઈને મળ્યા હતા જેથી તેને પરત પ્રાપ્ત થઈ શકયા હતા. પોતાની મહેનતના નાણાં પરત મળી આવતા તે ખેડૂતના ચહેરા પર આનંદની ચમક આવી ગઈ હતી અને નિરાશામાંથી બહાર આવી તેણે સતીષભાઈનો ખૂબ આભાર માન્યો હતો. આ ઘટનાની જાણ સતીષભાઈના ગ્રાહકોને પણ થતાં સૌએ મળીને તેમની પ્રમાણિકતાને બિરદાવી હતી.

## શ્રી રંગ પાર્ક સોસાયટી ખાતે આશાસ્પદ યુવકનો આપઘાત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલા વાસણા હડમતીયા વિસ્તારમાં શ્રીરંગ પાર્ક સોસાયટી ખાતે ગતરોજ રાત્રીના સુમારે એક આશાસ્પદ યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતુ. બનાવ અંગે સેકટર-૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ વાસણા હડમતીયા શ્રીરંગ પાર્ક સોસાયટી મકાન નં.૮૧ ખાતે રહેતા સાર્થક નટવરભાઈ પ્રજાપતિએ ગતરોજ રાત્રીના સુમારે અગમ્ય કારણોસર પોતાના ઘરે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. આશાસ્પદ યુવાનના મૃત્યુને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે સાર્થકના પિતા સચિવાલય ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જયારે બે બહેનોએ પોતાનો વ્હાલસોયો ભાઈ ગુમાવ્યો છે. મૃતકના પરીવારના આક્રંદથી હાજર સૌ કોઈની આંખો ભીની બની હતી. જયારે સાર્થકે કયાં કારણોસર આપઘાત કર્યો તે અંગે હજુ કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. બનાવને પગલે પોલીસો આપઘાતનું કારણ જાણવા માટે તપાસ શરુ કરી છે.

## નિર્માણ ભવન પાસે ફ્રન્ટી કાર સળગી

ગાંધીનગર શહેરમાં ગરમીને પગલે કારમાં આગ લાગવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે શહેરના સચિવાલયના ગેટ નં-૪ પાસે નિર્માણ ભવન નજીક સવારના ૧૧ વાગ્યાના સુમારે અચાનક પસાર થઈ રહેલી ફ્રન્ટી કાર સળગી ઉઠી હતી. માર્ગ પર સળગી રહેલી કારને પગલે થોડા સમય માટે માર્ગ પર વાહનોની અવર જવર થંભી ગઈ હતી. જયારે બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા તાત્કાલીક ફાયરની ટીમ જવાનોએ આવી પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગને પગલે ફ્રન્ટીનો મોટાભાગનો ભાગ બળીને ખાક થઈ ગયો હતો.



મળતી વિગત મુજબ અમદાવાદ પાલડી વિસ્તારમાં રહેતા નિલય શાહ પોતાની મારુતી ફ્રન્ટી કાર નં. જી.જે.૧૮.એ.૫૩૭૯ લઈને ગાંધીનગર આવ્યા હતા. ત્યારે સચિવાલય તરફ જવાના માર્ગ પર અચાકન ફ્રન્ટીમાં આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે કાર માલિક નિલય ભાઈ બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ ગણતરીની મીનીટોમાં આગની જવાળામાં કાર લપેટાઈ ગઈ હતી. ઓફિસ ટાઈમ હોવાથી આ માર્ગ પરથી મોટીસંખ્યામાં વાહનોની આવનજાવન થાય છે. પરંતુ સળગી રહેલી કારને પગલે અન્ય કારના પૈંડા પર થોડીવાર માટે થંભી ગયા હતા. બનાવ અંગે ફાયરને કોલ મળતા જ ફાયર જવાનોએ આવી પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો હતો.

## અડાલજથી અમદાવાદ તરફ જતા બાઈકે એકટીવાને પાછળથી ટકકર મારતા એકટીવા સવાર મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

અડાલજ થી અમદાવાદ તરફ જતા માર્ગ પર મોર્ડન ગોડાઉનના કટ પાસે પાછળની બાજુએથી બાઈકે એકટીવાને ટકકર મારતા એકટીવા પર સવાર મહિલાને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું.

મળતી વિગત મુજબ પ્રિયાંક પરાગભાઈ શેઠ (ઉં.૨૮) નામનો યુવક રવિવારના રોજ માતા નુતનબેનને બેસાડીને રાણીપ વિસ્તારમાં આવેલા ડી માર્ટ ખાતે જઈ રહ્યો હતો. પ્રિયાંકનો નાનો ભાઈ ડી માર્ટ ખાતે નોકરી કરતો હોવાથી તેઓ ત્યાં ખરીદી કરવા માટે જઈ રહ્યા હતા. બપોરના સુમારે અઢીવાગ્યાના અરસામાં અડાલજ થી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે એક બાઈક ચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારી હતી. યુવકે કાબુ ગુમાવતા એકટીવા સાથે માતા પુત્ર બંન્ને ઘસડાયા હતા. જેમાં નુતનબેનને મોં પર તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા તેમનો દિકરો તેઓને તાત્કાલીક નજીકની હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. જયાં પ્રાથમિક સારવાર બાદ મહિલાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં પ્રાથમિક સારવાર બાદ મહિલાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન મોડી સાંજે તેઓનું મૃત્યું થયુ હતુ. બનાવને પગલે મૃતકના દિકરાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## સિવિલના કોરોના વોર્ડમાં શ્વાનના આંટાફેરા..!



ગાંધીનગર શહેરને કોરોના અજગરી ભરડો લઈ રહ્યું છે. ગાંધીનગરમાં કોરોનાના કેસ ૫૦૦ ની આસપાસ છે. સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગ કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. જેમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોવીડ વોર્ડ અને સસ્પેકટેડ વોર્ડમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે આ વોર્ડમાં ખાસ કોઈ સામાન્ય નાગરીકોની આવન જાવન માટે પાબંધી છે. કોવીડ વોર્ડમાં નોકરી કરતા અધિકારી-કર્મચારીઓ જ પ્રવેશી શકે છે. કોરોના ને પગલે નાગરીકો સચેત થઈ ગયા છે. કોરોના વધુ ના ફેલાય તે માટે સાવચેતીના પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. ત્યારે કોરોના વોર્ડમાં શ્વાન આંટાફેરા મારી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

## સ્કૂલોમાં ફી માફી આંગે સત્વરે પરિપત્ર બહાર પાડવા એનએસયુઆઈની માંગ

### આરટીઈ એકટ હેઠળની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવા માંગ

ગાંધીનગર, તા.૧૬


સમગ્ર વિશ્વ સહિત ગુજરાતમાં પણ કોરોના મહામારીના કહેરને પગલે લાગુ પડેલા લોકડાઉનના કારણે તમામ વેપાર-ધંધા-વ્યવસાય ઠપ્પ થઈ જવા પામ્યા હતા અને હજુ પણ આંશિક રીતે ચાલુ રહેલી લોકડાઉન સ્થિતિમાં કેટલાક રોજગાર બંધ છે. આ પરિસ્થિતિમાં રાજયમાં સ્કૂલોએ પહેલા સત્રની ફી નહીં ઉઘરાવવાની સરકારની જાહેરાત છતાં સ્કૂલો દ્વારા ઉઘરાવવામાં આવતી ફીના મુદ્દે નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયાના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે. આ સાથે એનએસયુઆઈ દ્વારા આરટીઆઈ અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના ૨૫ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા



બાબતે પણ ખાનગી સ્કૂલો દ્વારા દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા બાબતે ચિંતા વ્યકત કરી છે.

એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ અમિત પારેખે જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર આપીને ઓનલાઈન શિક્ષણ આપવાના બહાના તળે ઉઘરાવાતી ફી તેમજ કેટલીક શાળાઓ દ્વારા ફી માફી અંગે સરકારનો કોઈ પરિપત્ર મળ્યો નહીં હોવાનું બહાનું કાઢી ફી ઉઘરાવવાની પ્રવૃત્તિ તેમજ વિદ્યાર્થીઓને પુસ્તકો-નોટબુક-ચોપડા વગેરે ફરજીયાત સ્કૂલમાંથી ખરીદવા કરવામાં આવતા દબાણ બાબતે રજૂઆત કરી છે. આ પત્રમાં તેમણે વાલીઓને સ્કૂલ સંચાલકો દ્વારા કરવામાં આવતા દબાણને કારણે સર્જાતી ઘર્ષણની સ્થિતિ ઉપરાંત આરટીઈ એકટ હેઠળ ૨૫ ટકા બાળકોને આપવાના પ્રવેશ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહી હોવાની બાબત વિગતવાર જણાવતા સત્વરે ફી માફી અંગે પરિપત્ર જાહેર કરવા માંગ કરી છે. આ સાથે તેમણે આરટીઈ એકટ હેઠળ પ્રવેશ પ્રક્રિયાના ફોર્મ ઓનલાઈન કરવા પણ માંગ કરી છે.

## ગુજરાત સાયન્સ સિટી દ્વારા ફન વીથ ફિઝીકસ વેબિનારનું આયોજન




ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સાયન્સ સિટી સમર સાયન્સ પ્રથમ ઈ વર્કશોપ ૨૦૨૦માં વિષય નિષ્ણાંત પ્રો. મુકેશ ભટ્ટે ભૌતિકશાસ્ત્રના રમુજી પાસા વિશે માહિતી આપી હતી. કપડવંજની પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજના પ્રાધ્યાપક પ્રો. મુકેશ ભટ્ટે તેમના પ્રયોગો દ્વારા ગુરુત્વમધ્યબિંદુ સમજાવતા હેન્ડ પંપનો નિયમ પણ સમજાવ્યો હતો. ગુરુત્વમધ્યબિંદુનો પ્રયોગ કરતા પ્રો. ભટ્ટે પાણીથી ભરેલી બોટલને માચીસની ત્રણ દિવાસળીથી ત્રિકોણાકાર 'ટી'ના આકારમાં દોરીથી લટકાવી હતી. ઈ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વધારવાનો હતો.

## ચિરવિદાય

- સ્વ. ચાવડા જસુજી રણછોડજી, ઉ.વ. ૬૫, કલોલ
- સ્વ. પરમાર આત્મારામ બાલાભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૧૪
- સ્વ. પટેલ જયેન્દ્રભાઈ શિવાભાઈ, ઉ.વ. ૬૬, હાંસોલ-અમદાવાદ